
Educating persons for and with others

# VOICE OF XAVIER'S

A MONTHLY NEWSLETTER ISSUE:4 NOVEMBER2021

**"The children of today will make the India of tomorrow.**
**The way we bring them up will determine**
**the future of the country."**

**- Pandit Jawaharlal Nehru**



# PRINCIPAL'S DESK



## COP26: 'caring for our common home'

'Natural resources' is one of the chapters in science of class nine. My fear is that it has just remained one more chapter in a curriculum that has not been internalized by the student community at large. The other citizens of the globe have taken these natural resources for granted, as if there is no end to these resources which are otherwise limited.

COP 26 (conference of parties) met for the 26th time in Glasgow to discuss on the climate change. This UN Climate Change Conference in Glasgow (COP26) brought together 120 world leaders and over 40,000 registered participants, including 22,274 party delegates. The outcome of COP26 is the fruit of intense negotiations among almost 200 countries over the two weeks, strenuous formal and informal work over many months, and constant engagement both in-person and virtually for nearly two years.

Climate change is not something that will happen in a distant future, it is happening here and now and we need to deal with it with utmost urgency. There have been cities inundated in the recent past due to the sea level raising. There are about eleven cities of the world listed to be sinking cities of the world among them the Indonesian capital of Jakarta is the fastest-sinking city in the world.

While we all share these concerns, we need to ask ourselves what we can do here and now. I am certain that love is universal and it does not distinguish persons from other living beings on the face of the earth. Hence as much as we care for our own existence, we need to consider the lives of other species that live around us. Is it not verity the spice of life? It is because there is life in various forms such as animals, birds and plants, our existence on earth has become sustainable.

I believe that we need to become persons who care for the other, who feels the hunger of the other and for which we can do something even if it is mighty little. Even though there are many things that we can do, I suggest that we need to **"conserve energy in our everyday life"** as a first step. Making simple choices to save energy may help avoid the serious consequences of global warming. **For example: Turn off the lights and fans when you leave your room or classroom. Turn off your computer when not in use. Use water sparingly. Walk or use bicycles whenever possible, instead of having your parents drive you.**

As far as the school is concerned, we encourage as many students as possible to come to school on bicycle and your contribution to protect the mother earth will not go unnoticed, you will receive your reward.

May God bless us all!



**Fr. Arul Rayan SJ**






# DIWALI CELEBRATION



મહાકવિ કાલિદાસે લખ્યું છે, "उत्सव प्रिया: खलु जना:|" અર્થાત લોકો ઉત્સવપ્રિય હોય છે. આપણા દેશમાં ઉત્સવ ઉજવવાની પ્રથા છેક વેદકાળથી ચાલી આવે છે. ઉત્સવ મનુષ્યના શુષ્કજીવનમાં નવો પ્રાણ પૂરે છે. ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિએ આપણને અનેક ઉત્સવોની ભેટ આપી છે. પરંપરાગત ઉત્સવ પાછળ માત્ર પૌરાણિક માન્યતાઓ રહેલી છે તેવું નથી. પણ એમાં કોઈને કોઈ તાત્વિક કે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સંકળાયેલો હોય છે. તહેવારો આપણી સાંસ્કૃતિક પરંપરાના રક્ષકો છે. આગામી આવનાર તહેવાર દિવાળીની જો વાત કરીએ તો, રંગોળી પૂરેલું સ્વચ્છ આંગણું અને દીવા એટલે દિવાળી. દિવાળીને દીપાવલી પણ કહેવાય છે. દિપાવલી એક સંસ્કૃત શબ્દ છે. દીપ એટલે દીવો અને આવલી એટલે પંક્તિ અથવા રેખા દિવાળી પ્રકાશનું પર્વ છે. દીપોત્સવી ઉત્સવ ભારતની સંસ્કૃતિનો દિવ્ય ઉત્સવ છે. આ તહેવાર હિન્દુ ધર્મના લોકોની સાથેસાથે જૈન, બૌદ્ધ અને શીખ સમાજના લોકો પણ ધામધૂમથી ઉજવે છે.

દિવાળીનો તહેવાર આસો મહિનામાં આવે છે. ગુજરાતમાં આ તહેવાર વાઘબારસથી લાભપાંચમ સુધી ઉજવાય છે. દિવાળી આવતા પહેલા લોકો પોતાના ઘરની સફાઈ કરે છે અને અવનવી વાનગીઓ પણ બનાવે છે. આપણા શાસ્ત્રો મુજબ દિવાળીના દિવસોનો મહત્વ સમજીએ તો, વાઘબારસ એટલે વાક્બારસ. આ દિવસે વાણીની દેવી સરસ્વતીનું પૂજન થાય છે.

ધનતેરસના દિવસે ધનની દેવી લક્ષ્મીજી, ગણેશજી અને સમુદ્રમંથન દરમિયાન ઉત્પન્ન થયેલ ભગવાન ધનવંતરિની પૂજા અર્ચના કરવામાં આવે છે. આ દિવસે ચાંદીના સિક્કા ખરીદવાનો અને તેની પૂજા કરવાનો શુભમુહૂર્ત હોય છે. લક્ષ્મીપૂજાનો સાચો અર્થ છે કે આપણા ધનનો શુભકાર્યમાં ઉપયોગ કરવો.

દક્ષિણ ભારતમાં દીવાળીના મહત્વ વિશે વાત કરીએ તો, કાળીચૌદશના દિવસે શ્રીકૃષ્ણ અને તેમના પત્ની સત્યભામાએ નરકાસુર રાક્ષસનો વધ કર્યો હતો. તેથી આ દિવસને અસુરો પર દૈવીશક્તિના વિજય તરીકે ઉજવવામાં આવે છે. કાળીચૌદસના દિવસે વહેલી સવારે ઊઠી સ્નાન કરી નવા કપડાં પહેરવાનો અહીં રિવાજ છે. આ દિવસે ઘણીબધી રોશની કે ઉજાસ વચ્ચે શ્રીકૃષ્ણ કે વિષ્ણુભગવાનની પૂજા કરવામાં આવે છે.

દિવાળીના દિવસે સુખ-સમૃદ્ધિ, આશીર્વાદ અને જ્ઞાનની પ્રાપ્તિ માટે દેવી લક્ષ્મી અને ગણેશજીની કૃપાદૃષ્ટિ થાય તેવી પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે વેપારીઓ નવા ચોપડા ખરીદે છે અને ચોપડાપૂજન કરે છે.

દિવાળીના બીજા દિવસે કારતક સુદ એકમ એટલે કે નવુંવર્ષ મનાવાય છે. બેસતાવર્ષના દિવસે શ્રીકૃષ્ણએ અભિમાની રાજા ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો હતો. તેથી આ દિવસે ગોવર્ધનપૂજાનો આયોજન કરી ભગવાનને છપ્પનભોગ ધરાવવામાં આવે છે. બેસતાવર્ષના દિવસે લોકો વહેલી સવારે તૈયાર થઈને મંદિરે જાય છે. અને પોતાના સગાવહાલા તથા મિત્રોને નવાવર્ષની શુભેચ્છા પાઠવે છે. ઘરે આવેલા મહેમાનો મીઠાઈ ખવડાવી સ્વાગત કરવામાં આવે છે.

બેસતાવર્ષના પછીનો દિવસ એટલે ભાઈબીજ. મૃત્યુના દેવતા અને તેમની બહેન યામિનીકથા આ દિવસ સાથે સંકળાયેલી. ભાઈબીજના દિવસે બહેન પોતાના ભાઈને તેના ઘરે જમવા બોલાવે છે. બહેન પોતાના ભાઈ માટે સ્વાદિષ્ટ વાનગી બનાવે છે અને ભાઈ પોતાની બહેનને યથાશક્તિ ભેટ અને આશીર્વાદ આપે છે.

દિવાળીના તહેવારનો છેલ્લો દિવસ એટલે લાભપાંચમ. આ દિવસે વેપારીઓ પોતાના ધંધા–રોજગાર ચાલુ કરે છે.


અત્યારના સમયમાં, દિવાળી કે પારિવારિક કે સામાજિક સ્નેહમિલનની તકો ઊભી કરે છે તેનાથી નાનામોટા સૌને સમૂહજીવનની તાલીમ મળે છે. દિવાળીની ઉજવણીથી લોકોમાં માફ કરો અને ભૂલી જાઓની ભાવના કેળવાય છે. આ તહેવાર સદગુણોને અપનાવીને દુર્ગુણોનો ત્યાગ કરવાની પ્રેરણા આપે. દિવાળી દાન આપવાનો સંદેશો પણ આપે છે. કોઈને દાન આપે ત્યારે એમ નથી વિચારવાનું કે મેં આપ્યું છે પરંતુ એમ વિચારવાનું છે મારા અને તેના પિતા પરમાત્મા એક જ છે. આપણે સર્વે પ્રકૃતિના પૂજક બની સમગ્ર વિશ્વમાં ભગવાનના દર્શન કરવા જોઈએ અને પ્રાર્થના કરવી જોઈએ કે,

“ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા,
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.”

દિવાળીમાં દિવાનું વિશેષ મહત્વ કહેવામાં આવ્યું છે કે,

“આપીને બીજાને ઉજાસ, દીવાની વાટ કાળી થઈ ગઈ,
જલન મળી દીવાને અને બીજાની દિવાળી થઈ ગઈ."

તેથી જ તોદીવાને આપણે વંદન કરીએ છીએ, જગતા દિવાની ચમકથી પ્રકાશની આ દિવાળી. આપ સૌના ઘરઆંગણામાં ધન-ધાન્ય, સુખ અને સમૃદ્ધિ સાથે ભગવાનના અનંત આશીર્વાદ લઈને આવે તેવી પ્રભુને પ્રાર્થના.



**Ms. Shilpa Patel**
**Primary Teacher**

# Diwali Celebration




The festival of Diwali is also known as festival of lights as it brings glory and prosperous to life of People. It is one of the main festivals celebrated in India. There are many reasons to celebrate Diwali the first reason is the happiness celebrated in return of Lord Ram, Goddess Sita and Lakshmana after 14 years and ending many evils like ravan,the second reason is the end of narakasura by Lord krishna, another reason is the birth of Goddess Laxmi on Earth as daughter of sea. Diwali is sign of end of all evils. It mainly has 5 days starting from dhanteras to bhaidooj. Diwali is celebrated on 15th day of hindu month Kartik.

Diwali celebration is started before Diwali, most of the People clean their house before Diwali. From the first day of Diwali earthen lamps are lighted, the house is decorated with lights. Fire crackers are burnt at night. People visit each others house, give sweets and gifts to each other. Most of them visit their parents or grandparents house and take blessings. Remembering God pooja is also done. In Diwali we should burn all the evils within us and forget all our enemies.



**Prisha Goswami**
**10-B**

# Diwali Celebration

India is the country that is known for enormous number of festivals and celebrations. Diwali is probably the biggest celebration that the Indian population enjoys throughout the year. It is the celebration of lights. It is one of the greatest and most fantastic celebrations commended essentially in India. Diwali is a celebration honored to check happiness, triumph, and congruity. Diwali, otherwise called Deepavali, falls during the long stretch of October or November. It is commended following 20 days of the Dussehra celebration. The word 'Deepavali' is a Hindi word which implies a variety of lights ('Deep' signifies earthen lights and 'Avali' signifies a line or an exhibit).

Diwali is commended out of appreciation for Lord Ramchandra. According to Hindu folklore, it is accepted that on this day Lord Rama got back to Ayodhya following 14 years of outcast. During this outcast period, he battled with evil presences and the devil lord Ravana who was the incredible leader of Lanka. On Rama's return, the individuals of Ayodhya lit diyas to invite him and commend his triumph. From that point forward, Diwali is commended to announce the triumph of good over wickedness. Individuals additionally love goddess Lakshmi and Lord Ganesh just before Diwali. Master Ganesh, known as a demolisher of hindrances, is revered for intelligence and keenness. Additionally, Goddess Lakshmi is adorned on the event of Diwali for riches and success.

The groundwork for the celebration begins numerous days prior to the celebration. It begins with the careful cleaning of houses and shops. Numerous individuals likewise dispose of all the old family things and complete all the remodel work before the beginning of the celebration.

It is especially connected with Goddess Lakshmi and imprints at the start of the monetary year in our nation. It is an old conviction that Goddess Lakshmi visits individuals' homes on Diwali night to favor them. Thus, all the lovers clean and enhance their homes with colourful lights, blossoms, rangoli, candles, diyas, and so on for the celebration.

Children love blasting wafers and various firecrackers like sparklers, rockets, window boxes, wellsprings, peony firecrackers, and so on. People go to their friend's house to spend time out of their busy life to notify the importance of the second person in their life.

Diwali is now an inseparable organ of our country and it is celebrated by the Hindus worldwide. I wish that as we lit our homes with light, may our lives also lit up with good deeds and qualities.

HAPPY DIWALI



Dhairya Trivedi
9-A

# CHILDREN'S DAY






સૌપ્રથમ ૧૯૫૪માં સાર્વત્રિક બાળદિવસ  તરીકે સ્થાપના કરવામાં આવી અને તે દિવસે બાળદિન તરીકે ઉજવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય એકતા, વિશ્વભરમાં બાળકોમાં જાગૃતિ અને બાળકોના કલ્યાણમાં સુધારો કરવા માટે આ દિવસને ૧૯૫૯માં યુ.એન જનરલ એસેમ્બ્લી દ્વારા અપનાવવામાં આવ્યું હતું અને બાળઅધિકારોની ઘોષણા કરવામાં આવી હતી. ૧૯૮૯માં તેને સંમેલનનો અધિકાર આપ્યો હતો. બાળકો પરિવારમાં, ઘરમાં, સમાજમાં ખુશીનું કારણ હોવાની સાથે જ દેશનું ભવિષ્ય પણ હોય છે. બાળકો સૌને ગમતા હોય છે, તેઓ ભગવાનની આશિષ સમાન હોય છે. બાળકો માસૂમ હરકતો અને હાસ્યથી સૌનું દિલ જીતી લે છે. જેમકે આપણે જાણીએ છીએ કે આપણા દેશમાં બાળદિન ૧૪મી નવેમ્બરના રોજ ઉજવાય છે. આપણા દેશના પ્રથમ પ્રધામંત્રી પંડિત જવાહરલાલ નેહરુના જન્મદિવસના દિવસે બાળદિન ઉજવાય છે. કારણ તેમનો બાળકો પ્રત્યેનો પ્રેમ ખૂબ અણમોલ હતો. નહેરુજી એક ઉમદા રાજનેતા અને વકતા હોવા સાથે જ પોતાના મૃદુ સ્વભાવને કારણે બાળકોમાં ખૂબ જ લોકપ્રિય હતા અને બાળકો તેમને "ચાચા" કહીને બોલાવતા હતા. આ વાત તો થઈ આ દિવસના ઈતિહાસની, પણ શું તમે જાણો છો કે બાળદિન કેમ ઉજવવામાં આવે છે? અને તે ઉજવવાનું કારણ શું છે? આ દિવસ કોઈ સાધારણ દિવસ નથી. આ દિવસે બાળકોના અધિકાર અને બુનિયાદી સુવિધાઓ પ્રત્યે વયસ્કો અને બાળકોમાં જાગૃતતા લાવવા માટે નક્કી કરવામાં આવેલ એક દિવસ છે, સમગ્ર વિશ્વમાં તે ૨૦મી નવેમ્બર ઉજવાય છે. આ દિવસને વધારે મનોરંજક બનાવવા માટે શાળાઓમાં અને સંસ્થાઓમાં અનેક પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આપણી શાળામાં પણ સંગીત, લેખન, ચિત્ર, વક્તવ્ય, વેશભૂષા જેવી સ્પર્ધાઓ યોજાય છે. હાલની પરિસ્થિતિને કારણે આપણે તહેવારોને અનુરૂપ સ્પધાઓને ઓનલાઈનથી પણ પ્રાધાન્ય આપ્યું છે. આપણા દેશમાં આજે પણ ઘણા બાળકો બાળમજૂરી જેવી કૂપ્રથામાં ફસાયેલા છે. લોકો પોતાના થોડા લાભ માટે તેમનું શોષણ કરવાથી પણ શરમ નથી કરતા. બાળદિનનો અર્થ પૂર્ણરૂપથી ત્યાં સુધી સાર્થક નથી થઈ શકતો જ્યાં સુધી આપણા દેશમાં દરેક બાળકને તેના મૌલિક બાળઅધિકારની પ્રાપ્તિ ન થઈ જાય. જેમાંથી સૌથી મહત્વપૂર્ણ શિક્ષણ, પારિવારિક પ્રેમ લૈંગિક ભેદભાવ જેવા મુદ્દા છે.  બાળદિનના આ વિશેષ પર્વને આપણે દેશના ખૂણેખૂણે પહોંચાડવાની જરૂર છે. કારણ કે ભલે બાળકોની ભલાઈ અને બાળઅધિકારો માટે સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓ કેમ ન ચાલી રહી હોય પણ હજુ પણ તેનો લાભ બાળકો સુધી પહોંચી શક્યો નથી. આજે પણ આપણા દેશમાં બાળકો કાં તો મજબૂરી અથવા બળજબરીપૂર્વક બાળમજૂરી કરવા માટે મજબૂર બને છે. આ ઉપરાંત નાના બાળકોની મશ્કરી, ભીખ માગવા અને તો યૌન અપરાધોમાં સામેલ થવા માટે પણ મજબૂર કરવામાં આવી રહ્યાં છે. આ પ્રકારની ઘટનાઓ નીંદનિય જ નહીં પણ માનવસમાજને કલંકિત કરવાનું પણ કાર્ય કરે છે. આ અપરાધો અને દુરવ્યશનોમાં ફસાઈને બાળકોનું બાળપણ ખરાબ થાય છે સાથે જ તેમને માટે અપરાધોની દુનિયામાં પગલું મૂકવા માટે સીડીનું કામ કરે છે. આપણે જાણતા અજાણતા ક્યાંક ને ક્યાંક આ કાર્યોને પ્રોત્સાહિત કરીએ છીએ.   આપણે ઈચ્છિએ તો અનેક કાર્યો રોકી પણ શકીએ છીએ. ઈચ્છીએ તો મજૂરી કરનાર બાળકોને સરકાર દ્વારા સંચાલિત મફત શિક્ષણ યોજના વિશે માહિતી આપીને તેને અભ્યાસ માટે જાગ્રત કરી શકીએ છીએ. આપણે સક્ષમ હોય તો આપણા ઘરે કામ કરતા નોકરચાકરના બાળકોના અભ્યાસનો ખર્ચ ઉઠાવીને તેમને સારું શિક્ષણ પણ આપી શકાય, ફંડ એકત્ર કરીને આર્થિક રીતે નબળાં બાળકોની મદદ કરી શકીએ છીએ. જ્યારે કોઈ બાળકને ભીખ માંગતા જુઓ તો તેને પૈસા આપીને પુણ્ય સમજવાની ભૂલ કરવાને બદલે તેને પેટ ભરીને જમાડ્યા પછી તેને અભ્યાસનું મહત્વ સમજાવીને શાળામાં જવા માટે પ્રેરિત કરી શકીએ છીએ. આ કાર્યો દ્વારા આપણે આપણા દેશને સશક્ત અને વિકસિત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકીએ છીએ.



Ms. SunandaDemalo
Primary Teacher

# GURU NANAK JAYANTI





Guru Nanak's understanding of God is summed up in the MulMantar, the opening stanza of Japji, the morning prayer recited by Guru Nanak and by all Sikhs everywhere. The MulMantar, a root teaching of the Sikh tradition, lays a foundation for a universal religious vision:

ੴਸਤਿਨਾਮੁਕਰਤਾਪੁਰਖੁਨਿਰਭਉਨਿਰਵੈਰੁਅਕਾਲਮੂਰਤਿਅਜੂਨੀਸੈਭੰਗੁਰਪ੍ਰਸਾਦਿ॥

"There is one God, Eternal truth is his name, Creator of all things and the all-pervading spirit. Fearless and without hatred, Timeless and formless. Beyond birth and death, Self-created. By the grace of the Guru he is known."

Guru Nanak emphasized the "formless" God, spoken of as Nirankar. God may be spoken of in many ways but the great name of God is Truth. God cannot be known in any image or form; the Nirankar is invisible, infinite, beyond the confines of form. Even so, this supreme God can be known by the grace of the Guru. The love of God is the highest goal of humanity. God dwells within the human heart. The nectar of the Divine name, heard and sung, fills the heart to the brim. Thus, the very centre of Sikh worship is the singing and hearing of God's word in the form of the shabads, or devotional songs.

Guru Nanak's God-centered teachings emphasize that the most important thing is not ritual purity, but purity of words and deeds. He taught that all people, whether rich or poor, women or men, kings or peasants, can approach God equally. In one of his hymns, he sings:

**"The lowest among the low,**
**lower than the lowliest,**
**Nanak is with them:**
**He envies not those with**
**worldly greatness.**
**Lord! The glance of grace falls**
**on the land**
**where the humble are cherished."**

He established the precedent for langar, the "community meal," Everyone coming to the langar must sit together as equals, irrespective of their social status or believes.

Guru Nanak was a householder. Kartarpur was a community of simple living, honest work, charity, and hospitality. Thus, the path shown by Guru Nankis firmly not "other-worldly," but fully engaged in the world. Its dominant note is kiratkaro, wand chhako, naamjapo – earn with honesty, share with others and praise the supreme lord.

Guru Nanak delivered his message of the entire mankind being one under the spiritual umbrella of single creator – ManaskijaatSabheEkayPehechanibo"- Human beings should be recognized as one.

**"Nanak naamchardi kala terebhanesarbat da bhala.**
**WahegurujikaKhalsa**
**Waheguru jikifateh"**



Ms. Balwinder Kaur
PrimaryTeacher

## Offline-Online Education



Since last two years, most of the students are studying online. My elder daughter is studying in 7th standard and my son is studying in U.K.G. As per my experience, offline education is far better than online education.

Effective interaction between Teacher and Student in Classroom Teaching is beneficial to students for doubt solving as compared to On-line education. In Offline education, Teacher can concentrate more on students through eye-contact in class-room teaching which is not possible in On-line education.

Competitive environment is advantageous to students in Off-line education. Students can participate in extra- curricular activities effectively in Off-line education.

Overall development like Physical, Mental, Discipline related and Moral values related better in Off-line education.



Mr. Tejendrasinh S. Raol

હાલની કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં બાળકો માટેની ઓનલાઇન શિક્ષણની આપના દ્વારા વ્યવસ્થા કરવામાં આવી તે ઘણી જ સારી કહી શકાય .વૈજ્ઞાનિક ઉપકરણોને કારણે એ શક્ય બની શક્યું .તમારા દ્વારા ખૂબ જ સારા વિડીયો રજૂ થયા .બાળકો સારી રીતે શીખી શક્યા .

ઓનલાઈન શિક્ષણની કેટલીક એવી બાબતો પણા છે જે બાળકોની વયકક્ષાને અનુરૂપ ઓનલાઈન શિક્ષણ યોગ્ય નથી. વધુ પડતો મોબાઈલનો ઉપયોગ આંખને નુકસાન પહોંચાડી શકે છે .વળી મોબાઈલમાં ચિત્ર નાનું દેખાય છે . જેથી રસપ્રદ બની શકતું નથી .બાળકો ગીત, અભિનય અને રમત પ્રવૃત્તિ સાથે ખૂબ જ સારી રીતે શીખી શકે છે અને યાદ રાખી શકે છે .તે ઓનલાઈન શિક્ષણમાં હોતું નથી .બાળકોને સ્કુલમાં જવાનો ઉત્સાહ અને આનંદ હોય છે તે મળતો નથી . કેટલીક વખતે ઘરે રહી અભ્યાસ કરવામાં કંટાળો અનુભવે છે, ચીડીયા પણ થઈ જાય છે .ઘર તે ઘર જ હોય .સ્કુલમાં જઈ શિક્ષણ મેળવવું એ લહાવો છે .અન્યને કે પોતાનાં ટીચરને મળી શકતા નથી .તેથી બીજા પ્રત્યે કોઈ લાગણી રહેતી નથી.



Amitaben

School is the foremost fountain of knowledge one is exposed to, which gives chance to us to acquire knowledge in various subjects and thus contributes in cultivation of thought process towards our goal. Concepts developed during school journey act as a first stepping stone in career trajectory. Dilemma may be faced by you while choosing appropriate path in the journey, which is quite obvious. So, explore your areas of interest, take guidance and choose judiciously the career that ignites spark in you.

Being an electrical engineer and researcher in electric vehicle domain in power system area, I would like throw light on future scope in this field. India experienced coal shortages and major power crisis, recently only in the month of October. This intimated the major requirement of requirement of replacing conventional sources by renewable ones. Renewable energy sources includes solar, wind, hydro, tidal energy and electric vehicles (EVs) too. Yes, EVs are not only meant for to be used in transportation sector for mitigation of green house gases but it can also be used as energy resource to give back its stored power to house, industry or grid in need of an hour.

Many research and development are carried out in this field to properly integrate EVs into the power system grid along with solar and wind systems. Thereby, reducing the dependency level of a country on depleting fossil fuels. Recent scopes in this field are in areas of battery technology, wireless charging, grid to vehicle (G2V), vehicle to grid (V2G), smart grid technology and many more. So, along with transportation facility and green energy provided by EV, revenue can also be obtained if we supply power incorporated in EV back to grid. Various government policies like FAME, Make in India are adopted to make further progress in EV sector in India. Thus EV industry has promising future and an upward trajectory.

So, if all these studies fascinate you then definitely you can enter in this case without fear. Always remember, “The cave you fear to enter holds the treasure you seek”. Dream big, stay positive, work hard and enjoy the journey. Go forth and conquer!!!



Riddhi Sanjay Thorat
Research Scholar
PDEU



## રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિ



તાજેતરમાં ચિત્તોડગઢ રાજસ્થાન ખાતે થાય કેક બોક્સિંગની નેશનલ ચેમ્પિયન શીપ સ્પર્ધા યોજાઇ હતી જેમાં રાજ્યમાં 47 ખેલાડીઓએ ભાગ લીધો હતો સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, પુના,સી.બી. એસ. ઈવગેરે રાજ્યની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં યુનિવર્સલ સ્પોર્ટ્સ એકેડેમી ના ખેલાડીઓએ ભાગ લઈને પ્રથમ, દ્વિતીય અને તૃતીય કક્ષાએ વિજેતા બન્યા છે.ફાઈટ ઈવેન્ટમાં ચાર્મી ચૌહાણ, ભવ્ય ચૌહાણ,શ્લોક ચૌહાણ, મસીરામોડન, તનીશ્કારાવન દ્વિતીય નંબરે વિજેતા બની સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે તથા નિલ જાદવ, મિતાલી જાદવ તૃતીયક્રમે વિજેતા બની બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત મ્યુઝિકલ ઈવેન્ટસમાં ચાર્મી ચૌહાણ, નિલ જાદવ, તનિષ્કા રાવલ,મસીરામોડન, શ્લોક ચૌહાણ પ્રથમ સ્થાન મેળવી અને ગોલ્ડ મેડલ મેળવ્યા છે અને મિતાલી જાદવ, ભવ્ય ચૌહાણ દ્વિતીય ક્રમે વિજેતા બની સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે તમામ ખેલાડીઓએ હાર્દિક રાઠોડ ના નેતૃત્વ હેઠળ તાલીમ મેળવી છે. તમામ નેશનલ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ગુજરાત રાજ્ય સબ જુનિયર વયગ્રુપ માં દ્વિતીય ક્રમે, જુનિયર વયગ્રુપ માં પ્રથમ ક્રમે અને સિનિયર વયગ્રુપમાં પ્રથમ ક્રમે ચેમ્પિયનશીપ મેળવી છે.



# DIWALI COMPITITION



**I – ABC**

1 - Sabra Kavya (1-C)
2 – Jani Dhyani (1-B)
3 – Joanna Anthony (1-A)

**II – ABC**

1 - Anushree Dave (2-B)
2 – Rivan James(2-A)
3 – MeghanshuParmar(2-C)

**III – ABC**

1 - Tirtha Shah(3-B)
2 – Jansari Daksh(3-A)
3 – RaghavPrajapati(3-C)

**IV – ABC**

1 - Vaishnav Malay(4-C)
2 – GorNavya(4-B)
3 – RathvaMaahi(4-A)

**V – ABC**

1 - Diya Malha (5-B)
2 – SuhaniPrajapati (5-C)
3 – AayushChaudhari (5-A)

**VII – ABC**

1 - Parekh Pratham (7-A)

**VIII – ABC**

1 - Teerth Bhatt (8-C)
2 – BiholaDevangi (8C)

**IX – ABC**

1 – Bhogayta Riya (9-C)

**X – ABC**

1 – Yadav Vishva (10-A)

**XII – ABC**

1 – Sashenka Moss (12-A)







## Children's Day Celebration





## Diwali Celebration by teacher






# PHOTO GALLERY











# TRIBUTE TO ALL SOULS OF XAVIER PARIVAR



